GJMR010005062026

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૨૫૩/૨૦૨૬</u>** **<u>-:: આંક-૧ તળે હુકમ ::-</u>**

૧. અરજદાર ધ્વારા હાલની આ જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે અરજીમાં જણાવેલ કારણોસર નિયમીત જામીન મેળવવાની હાલની અરજી દાખલ કરેલ છે.

૨. અરજદારના વિધ્વાન વકીલ શ્રી એમ.આઇ.સૈયદ દ્વારા મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૫૨૫૨૬૫૭/૨૦૨૫, પ્રોહીબીશન કલમ-૬૫ (એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ તથા ૯૮(૨) મુજબનો શીક્ષાને પાત્ર ગુના અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. અરજદાર કહેવાતા ગુના વિશે કાઈ જાણતા નથી. પોલીસે સદરહું ગુનામાં અરજદારને ખોટી રીતે સંડોવી દીધેલ છે. સદરહું કામે મુદામાલ કબજે થઈ ગયેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, અરજદાર કહેવાતા મુદામાલ વીશે કશું જાણતા નથી. અરજદારનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદાર કુટુંબ કબીલાવાળા માણસ છે તેથી કયાંય નાશી ભાગી જાય તેમ નથી. તેઓને જામીન મુકત કરવામાં ન આવે તો પ્રિ-ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. આ કામની ટ્રાયલ ચાલતા દરમ્યાન અરજદાર નિયમીત રીતે મુદત હરોળમાં નામદાર કોર્ટમાં હાજર રહેશે. ફરીયાદ પક્ષના સાહેદોને કોઈપણ પ્રકારની લાલચ, ધાક, ધમકી કે પ્રલોભન આપી તેઓને તોડવા ફોડવા કોઈ પ્રયાસ કરશે નહી.

૩. અરજી સામે વાંધો ઉઠાવી વિધ્વાન પ્રોસીકયુટરશ્રી વી.સી.જાની દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અન્ય સહઆરોપી તેજસભાઇની જામીન અરજી આ કોર્ટે આ અગાઉ નામંજુર

કરેલ છે. આ કામના અરજદારે આર.જે.–૧૯–જી.જે.–૦૮૧૧ માં ઇંગ્લીશ દારૂનો જથ્થો આરોપી નં.૧ તેજશભાઇ મનુભાઇ વહેરાના કબજા ભોગવટા વાળા ભાડાના ગોડાઉનમાં ઉતારી રેઇડ વખતે મળી આવેલ પીકઅપ રજી. નં.જી.જે.–૧૩–ડબલ્યુ.–૨૮૭૮ વાળી મારફતે અન્ય સહઆરોપી ધવલ જાણીના કહેવા મુજબ રાજકોટ હાઇવે તથા માળીયા હાઇવે ઇંગ્લીશ દારૂનો જથ્થો સપ્લાય કરેલ છે. આ કામે ઇંગ્લીશ દારૂની કાચની નાની–મોટી કંપની શીલ પેક અલગ–અલગ બ્રાન્ડની બોટલો નંગ–૯૫૧૬ કિ.રૂા. ૮૫,૪૫,૨૦૦/– તથા બીયરના ૫૦૦ મીલીના ટીન નંગ–૩૦૦૦ કિ.રૂા.૬,૩૨,૨૮૦/– નો મુદામાલ કબજે કરવામાં આવેલ છે. સદર ગુનામાં અરજદાર પ્રથમથી જ સંડોવાયેલા છે. તેઓ સામે પ્રથમ દર્શનીય કેસ છે. અરજદાર ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામે અરજદાર સામેની તપાસ ચાલુમાં છે, તેવા સંજોગો માં અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, આ કામના સાહેદો તથા પંચો ને ધાક–ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે–કરાવે તેવી શકયતાઓ છે તેમજ તેઓ નાસી–ભાગી જાય તેવી શકયતાં આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

૪. ઉભયપક્ષોની રજુઆતો ધ્યાને લીધી. પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, અરજદાર સામે પ્રોહીબીશન ક–૬૫(એ)(ઇ), ૧૧૬ (બી), ૯૮(૨) તથા ૮૧ મુજબના ગુનાનો આક્ષેપ છે. **સદર ગુનાના કામે મુદામાલ અંગ્રજી દારૂની બોટલો નંગ–૯૫૧૬ કિંમત રૂપિયા ૮૫,૪૫,૨૦૦/– તથા બિયરના ૫૦૦ મીલીના ટીન નંગ–૩૦૦૦ કિંમત રૂપિયા ૬,૩૨,૨૮૦/– નો મુદામાલ કબજે કરવામાં આવેલ છે.** અરજદાર આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. હાલના ગુનાના કામે હજુ એક આરોપીને પકડવાના બાકી છે. અરજદારને જામીન મુકત કરવામાં આવે તો આ પ્રકારના ગંભીર ગુના માં અન્ય સહઆરોપીઓને

તપાસથી વાકેફ કરી દે તેવી પુરી શકયતા છે. સદરહું ગુનો દાખલ થયા બાદ આરોપી તપાસ દરમ્યાન મળી આવેલ નથી. **ગુનો દાખલ થયા બાદ આરોપી તપાસ દરમિયાન મળી આવેલ નથી આ હકીકત સ્પષ્ટ કરે છે કે આરોપી પહેલેથી જ નાસતા–ભાગતા હતા. જો તેઓ અત્યારથી જ તપાસ ટાળતા હોય, તો જામીન મળ્યા બાદ પોતાના રાજય રાજસ્થાન રાજયમાં ગયા પછી તેઓ ટ્રાયલ દરમ્યાન હાજર રહે તેવી શકયતા જણાય આવતી નથી. વધુમાં હાલના ગુનાના કામે બનાવ સ્થળેથી રૂા.૯૪,૭૭,૪૮૦/– નો મુદામાલ કબજે કરવામાં આવેલ છે જે પૈકી રૂા.૯૧,૭૭,૪૮૦/– નો મુદામાલ અંગ્રેજી દારૂની બોટલ નંગ –૯૫૧૬ તથા બીયરના ૫૦૦ મીલીના ટીન નંગ–૩૦૦૦ નો મુદામાલ કબજે કરવામાં આવેલ છે, જે ખુબ મોટી માત્રામાં છે.** વધુમાં આ ગુન્હાના અન્ય સહઆરોપીની શોધખોળ હજુ ચાલુ છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસતા ભાગતા કરતા આરોપીને તપાસની કાર્યવાહીથી અવગત કરાવી દેશે તેવી શકયતા રહેલ છે. આમ, આ ગુન્હાની મોડેશ ઓપરેન્ડી જોતાં આ ગુન્હાની ગંભીરતા વધી જાય છે. અરજદાર વિરુધ્ધની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. પરંતુ રેડ દરમ્યાન જે મુદામાલ અંગ્રેજી દારૂ કબજે કરવામાં આવેલ છે તે જોવામાં આવે તો રૂા.૯૧,૭૭,૪૮૦/– જેવડી મોટી માત્રામાં કબજે કરવામાં આવેલ છે. વળી, અરજદારનો હાલના ગુનાના કામે લીડ રોલ છે અને **આ કામના અરજદારે આર.જે.–૧૯–જી.જે.–૦૮૧૧ માં ઇંગ્લીશ દારૂનો જથ્થો આરોપી નં.૧ તેજશભાઇ મનુભાઈ વહેરાના કબજા ભોગવટા વાળા ભાડાના ગોડાઉનમાં ઉતારી રેઇડ વખતે મળી આવેલ પીકઅપ રજી. નં.જી.જે.–૧૩–ડબલ્યુ.–૨૮૭૮ વાળી મારફતે અન્ય સહઆરોપી ધવલ જાણીના કહેવા મુજબ રાજકોટ હાઈવે તથા માળીયા હાઈવે ઇંગ્લીશ દારૂનો જથ્થો સપ્લાય કરેલ છે.** અરજદાર વિરુધ્ધ પ્રથમ દર્શનીય કેસ છે. આમ, અરજદાર આરોપી ગુનામાં સીધી રીતે સંડોવાયેલ છે અને સક્રિય ભાગ ભજવેલ

હોય ત્યારે અરજદારને જામીન મુક્ત કરવા યોગ્ય, ન્યાયી અને ઉચીત જણાતું નથી. વળી, અરજદાર સ્થાવર જંગમ મિલકત ધરાવે છે, તે બતાવવા માટેનો કોઈ આધાર આ કામે રજુ કરેલો નથી, તેમને જામીન મુક્ત કરવાથી તેઓ કેસની ટ્રાયલ વખતે હાજર રહેશે તેવા કોઈ સંજોગો જણાતા નથી. હાલનો ગુનો સામાજિક અને આર્થિક રીતે ગંભીર અસરકારક છે. અરજદારનો હાલના ગુનામાં મોટો આર્થિક ફાયદો મેળવવાનો હેતુ હોવાનું પ્રાથમીક રીતે જ જણાય આવે છે. અરજદારને જામીન મળતાં તપાસ દરમિયાન સાક્ષીઓ અને પંચો પર ધમકી કે પ્રલોભન આપવાની શક્યતા છે, જે પુરાવાને તોડફોડ કરી શકે છે. અરજદારની સક્રિય સંડોવણી જોવામાં આવે છે, તો તેઓ મુક્તિ પામતા ભાગી જઈ શકે છે અને ટ્રાયલમાં ચાલવામાં વિલંબ પડે તેમ છે. અરજદારનો કોઇ ગુનાહિત ભુતકાળ નથી. પરંતુ કોઈ અગાઉના ગુનાઓ ન હોય જેથી હાલના ગુનાની ગંભીરતાને ઓછી આંકી શકાય નહિ. કારણ કે ગુનાની ગંભીરતા, મુદામાલની માત્રા શરૂઆતથી જ સામાજિક જોખમ દર્શાવે છે, આથી આ કામના અરજદારનો કોઇ ગુનાહિત ઈતિહાસ ન હોય જેથી જામીન મુકત કરવાની જે દલીલ કરેલ છે તે કોઈપણ સંજોગોમાં માની કે સ્વીકારી શકાય તેમ નથી.

**૫.** આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં, અરજદારની હાલની જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ ના પરીપ્રેક્ષ્યમાં આવતી ન હોવાનું માની આ અદાલતને પ્રાપ્ત વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરી અરજદારને જામીન મુકત કરવા યોગ્ય, ન્યાયી અને ઉચિત જણાતું ન હોય અરજી અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-::હુકમ::-</u>**

આ કામના અરજદાર **જબરારામ મોહનલાલ લોલ** ઉ.વ.:-૩૦, ધંધો:-ડ્રાઈવીંગ, રહે.સાંચોર, રમેશ કોલોની, લોલ કી ધાની,

સાંચોર, તા.સાંચોર, જી.જાલોર (રાજસ્થાન) વાળાની મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૯૦૦૫૨ ૫૨૬૫૭/૨૦૨૫, પ્રોહીબીશન કલમ–૬૫ (એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ તથા ૯૮(૨) મુજબના કામે તેમને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા માટેની માંગણી કરતી આ અરજી **નામંજુર** યાને **રદ્દ** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૧૧ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– મોરબી
તા.૧૧/૦૩/૨૦૨૬

**(પ્રથમેશ વિનોદચંદ્ર શ્રીવાસ્તવ)**
સત્ર ન્યાયાધીશ, મોરબી.
(કોડ નં.જીજે૦૦૩૭૨)

**//NDB//**